૧૭મીએ વડાપ્રધાનના હસ્તે નવી હોસ્પિટલના લોકાર્પણ વખતે

કોંગ્રેસ દ્વારા યોજાનાર અનોખા વિરોધ કાર્યક્રમથી ભાજપના શાસકોની ઊંઘ હરામ

અમદાવાદના તમામ ૪૮ વોર્ડમાં આકાશમાં કાળા ફુગ્ગાઓ અને કાળા પતંગ ઉડાડી વિરોધ કરાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસકો ગરીબોની જીવાદોરી સમાન વી.એસ. હોસ્પિટલને પાછલા બારણે બંધ કરવાની સાજીસ રચી રહ્યા હોવાની હિલચાલના વિરોધમાં અમદાવાદ શહેર કોંગ્રેસ દ્વારા છેલ્લા એકાદ મહિનાથી ધરણા, દેખાવો, રેલી, પ્રદર્શન સહિતના આંદોલન ચલાવાઈ રહ્યા છે. પરંતુ આગામી તા.૧૭ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવી હોસ્પિટલનું લોકાર્પણ કરવા આવશે ત્યારે શહેર કોંગ્રેસ દ્વારા વિરોધ કરવાનો જે અનોખો કાર્યક્રમ ઘડી કાઢ્યો છે તેનાથી મ્યુનિ. શાસકો અને ભાજપ સરકારના હૃદયના ધબકારા વધારી દીધા છે.

કોંગ્રેસે અગાઉ જાહેર કર્યા મુજબ અમદાવાદ શહેરના તમામ ૪૮ વોર્ડમાં કાળા ફુગ્ગાઓ અને કાળા પતંગો ઉડાડી ''ગરીબ વિરોધી વડાપ્રધાન પાછા જાઓ'' ના નારા સાથે અનોખો વિરોધ નોંધાવશે ઉપરાંત ચક્કાજામ કરવાનું પણ આયોજન છે.

શહેર કોંગ્રેસ દ્વારા વી.એસ. હોસ્પિટલ બચાવવા લાંબા સમયથી સતત આંદોલન ચલાવાઈ રહ્યું છે. કોંગ્રેસના આગેવાનોનું માનવું છે કે, મ્યુનિ. ભાજપના હોદ્દેદારો ભલે કહેતા હોય કે જૂની વી.એસ.હોસ્પિટલની સેવા વર્તમાન હશે સાથે યથાવત રાખવામાં આવશે. પરંતુ હકીકત એ છે કે, જેમ બીજાની લીટી નાની **કરવા તેને** અડ્યા વિના તેની ઉપર મોટી લીટી કરવામાં આવે તે જ રીતે જૂની વીએસને બંધ કરવા બાજુમાં મોટી હોસ્પિટલ કરાઈ છે. જેનાથી સિનિયર ડૉકટરોની સેવા તથા અદ્યતન સાધનો નવી હોસ્પિટલમાં મળશે. જ્યારે જૂની વીએસ ચાલુ રાખે તો પણ તેમાં સારવારના એવા ધાંધિયા ઊભા થશે કે લોકો ના છૂટકે નવી હોસ્પિટલમાં જવાનું પસંદ કરશે.

કોંગ્રેસનું કહેવું છે કે, પૈસાદાર લોકોને અદ્યતન સારવાર મળે તે માટે નવી હોસ્પિટલ આવકાર્ય છે. પરંતુ સાથે સાથે ગરીબોને મફતમાં સારવાર પૂરી પાડતી જૂની વીએસ હોસ્પિટલ યથાવત સ્થિતિમાં ચાલુ રાખવી જોઈએ એ માટે તેઓ છેલ્લા એકાદ મહિનાથી સમયાંતરે વિરોધ પ્રદર્શન, ધરણા, દેખાવો સહિતના આંદોલન કરી રહ્યા છે.

જો કે આગામી ૧૭મી જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે નવી હોસ્પિટલનું લોકાર્પણ કરવા આવશે ત્યારે કરનારા અનોખા વિરોધ પ્રદર્શનથી મ્યુનિ. શાસકો અને રાજ્ય સરકારની ઊંઘ ઉડી ગઈ છે. રાજ્ય સરકારે આઈ.બી.ને ચાંપતી નજર રાખવા સૂચના આપી હોવાનું જાણવા મળ્યું છે. જો કે, શહેરના ૪૮ વોર્ડમાં આકાશમાં કાળા ફુગ્ગા છોડવાના અને કાળા પતંગો ઉડાડવાના અનોખા કાર્યક્રમથી પોલીસ સાથે સંઘર્ષમાં ઉતર્યા વિના દેશ આખાનું ધ્યાન ખેંચી શકાશે એટલે જ સરકારની ચિંતામાં વધારો થયો છે.

વી.એસ.હોસ્પિટલનું ખાનગીકરણ બંધ કરવા ગુજરાત જન આંદોલન દ્વારા દેખાવો કરાયા

આ હોસ્પિટલની સ્થાપનાનો ઉદ્દેશ્ય જ ગરીબોને વિનામૂલ્ય સેવા આપવાનો

અમદાવાદ, તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વી.એસ.હોસ્પિટલને બંધ કરવાની કે તેની સેવાઓ મર્યાદિત કરવાની જે હિલચાલ શરૂ કરવામાં આવી છે તેનો વિરોધ દિન પ્રતિદિન વધી રહ્યો છે. રાજકીય સંગઠનો સાથે હવે બિનરાજકીય સંગઠનો પણ વિરોધ કરવા મેદાનમાં આવ્યા છે. આજરોજ ગુજરાત જન આંદોલન દ્વારા ટાઉનહોલ નજીક દેખાવો કરવામાં આવ્યા હતા. જેમાં વી.એસ.હોસ્પિટલનું ખાનગીકરણ બંધ કરો જેવા બેનરો પ્રદર્શિત કરાયા હતા.

જન સંઘર્ષ મંચ અને ગુજરાત ફેડરેશન ઓફ ટ્રેડ યુનિયન્સ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, અમદાવાદ શહેરની ગરીબ જનતાને વી.એસ.હોસ્પિટલમાં ઘણા વર્ષોથી નિઃશુલ્ક રાહત દરે તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે. આ હોસ્પિટલની સ્થાપનાનો મુખ્ય ઉદેશ જ ગરીબ લોકોને વિનામૂલ્ય સેવા આપવાનોછે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સમાચાર માધ્યમોમાં ચર્ચા થઈ રહી છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકની શહેરની ખ્યાતનામ વી.એસ.હોસ્પિટલના કેટલાક વિભાગો અને સેવાઓ બંધ કરવામાં આવનાર છે. અને આ બંધ થનાર વિભાગો અને સેવાઓ અન્ય ટ્રસ્ટ હેઠળ આવરી લઈ નવેસરથી વ્યાપારી ધોરણે શરૂ કરવામાં આવનાર છે. એટલે હવેથી આ વિભાગોની સેવાઓ વી.એસ.હોસ્પિટલમાં ગરીબ જનતાને વિનામૂલ્યે આપવામાં આવશે નહીં અને ગરીબ લોકોએ આ સેવાઓ મેળવવા નવા ટ્રસ્ટને વ્યાપારી ધોરણે ઊંચી ફી ચૂકવવી પડશે. આમ કરવાથી વી.એસ.હોસ્પિટલની સ્થાપના જે ઉદેશથી કરવામાં આવી હતી તે ઉદેશ માર્યો જાય છે. ગરીબીને લીધે લોકો ઉંચી ફી ચૂકવી શકે તેમ નથી અને તેથી તેઓ વી.એસ.હોસ્પિટલમાં આવશ્યક તબીબી સેવા મેળવી શકશે નહીં. આથી વી.એસ.હોસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવતી સારવારમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરવામાં નહીં આવે કોઈપણ વિભાગે કે સેવા બંધ કરવામાં નહીં આવે અને આધુનિક સેવાઓ પણ લોકોની વી.એસ.હોસ્પિટલમાં જ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી હતી.

વી.એસ.હોસ્પિટલ બચાવો આંદોલન અંતર્ગત આજે કાળી પટ્ટી બાંધી મૌન વિરોધ કરાશે

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શશીકાંત પટેલ તથા મ્યુનિ. કોર્પોરેશન વિપક્ષના નેતા દિનેશ શર્માની આગેવાનીમાં તા.૧૦-૦૧-૨૦૧૯ને ગુરૂવારે સવારે ૧૦.૩૦ કલાકે વી.એસ. હોસ્પિટલ એલીસબ્રીજ અમદાવાદ ખાતે વી.એસ.હોસ્પિટલ બચાવો આંદોલન અંતર્ગત કાળી પટ્ટી બાંધી મૌન વિરોધ કરવામાં આવશે. જેમાં ધારાસભ્ય શૈલેષ પરમાર, ગ્યાસુદ્દીન શેખ, હિંમતસિંહ પટેલ, ઈમરાન ખેડાવાલા સહિત મ્યુનિ. કોર્પોરેટરો, વોર્ડ પ્રમુખો તથા આગેવાનો ખાસ હાજર રહેશે.

૧૭થી ૧૮ જાન્યુઆરી શોપિંગ ફેસ્ટિવલને યાદગારૂ બનાવવા પ્રયાસ

ઈતિહાસમાં પહેલીવાર અમદાવાદના દુકાનો-મોલ ૨૪ કલાક ખુલ્લા રહેશે

અમદાવાદ, તા.૯

રાજ્યમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ભાગરૂપે ૧૭થી ૨૮ જાન્યુઆરી દરમિયાન યોજાનારા શોપિંગ ફેસ્ટિવલ દરમિયાન એટલે કે ૧૨ દિવસ શહેરના તમામ શોપિંગ મોલ્સ, દુકાનો અને પાથરણા બજાર ૨૪ કલાક ખુલ્લા રહેશે. રાજ્ય સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શહેર પોલીસ કમિશનરને જરૂરી વ્યવસ્થા કરવા માટે આદેશ આપ્યો છે.

આ અંત્રે મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ કહ્યું કે, શોપ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ એએમસી શહેરના જે પણ દુકાનદાર પોતાની શોપ મોડી રાત કે આખી રાત ખુલ્લી રાખવા માગતા હશે તેમને છૂટ આપશે. તેમજ જરૂરી વ્યવસ્થા ગોઠવી શકાય તે માટે અમે શોપિંગ ફેસ્ટિવલ માટે તમામ દુકાનદારોને તેમના પ્લાન કોર્પોરેશન સમક્ષ રજૂ કરવા જણાવ્યું છે.

મ્યુનિસિપલ કમિશનરે વધુમાં કહ્યું કે, એએમસી અને શહેર પોલીસ શહેરીજનો માટે આ શોપિંગ ફેસ્ટિવલ એક યાદગાર સંભારણું બની રહે તે માટે કાયદો વ્યવસ્થાથી લઈને તમામ જરૂરી વ્યવસ્થા કરવા કટીબદ્ધ છે. આ શોપિંગ ફેસ્ટિવલ દરમિયાન મનોરંજનની પણ ઘણીબધી એક્ટિવિટી કરાશે. જેથી અમદાવાદીઓ એક સારી નાઈટલાઈફ એન્જોય કરી શકશે. આમ વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે યોજાનાર શોપિંગ ફેસ્ટિવલના ૧૨ દિવસ શહેરના તમામ શોપિંગ મોલ્સ, દુકાનો અને પાથરણા બજાર ૨૪ કલાક ખુલ્લા રહેશે. જે વાયબ્રન્ટ સમિટમાં આવનાર લોકોની સાથે શહેરીજનો પણ અલગ અનુભવ હશે.

૩૦મી જાન્યુઆરીની ગરીબરથ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે દોડશે

અમદાવાદ,તા.૯

ઉત્તર-પશ્ચિમ રેલવેના જયપુર-બાદીકુઈ રેલ ખંડ પર અલવર-ડિગવારા સ્ટેશનો વચ્ચે ડબલીંગ કાર્યને લીધે ૩૦ જાન્યુઆરીની બાંદ્રા ટર્મિનર્સથી દોડનારી ૧૨૨૧૬ બાંદ્રા ટર્મિનર્સ-દિલ્હી સરાય રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસને વાયા રેવાડી-ફુલેરા કોર્ડ લાઈનથી દોડાવવામાં આવશે અને આ ટ્રેન જયપુર નહી જાય એમ પશ્ચિમ રેલવે અમદાવાદના જનસંપર્ક અધિકારી પ્રદીપ શર્માએ એક યાદીમાં જણાવ્યું છે.

બિનખેતીની પ્રક્રિયા ઝડપી બનાવવા મહેસૂલ મંત્રીનો મહત્ત્વનો નિર્ણય

૧૮ નગરપાલિકાઓમાં મહેસૂલ પ્રક્રિયા ઝડપી બનાવવા કરાઈ ખાસ વ્યવસ્થા

અમદાવાદ, તા.૯

રાજ્ય સરકાર દ્વારા પ્રજાલક્ષી કલ્યાણકારી વિવિધ યોજનાઓમાં નોંધપાત્ર વધારો થવા પામેલ હોઈ, પ્રજાજનોને સ્થાનિક કક્ષાએ સરળતાથી અને નજીકના અંતરે મળી રહે તે હેતુસર ૧ લાખથી વધુ વસ્તી ધરાવતી 'અ' વર્ગની ૧૮ નગરપાલિકા વિસ્તારોમાં હાલની મામલતદાર કચેરીઓનું વિભાજન કરી મામલતદાર (ગ્રામ્ય) અને મામલતદાર (શહેર) એમ બે અલગ કચેરીઓ ઊભી કરવા રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. તેમ મહેસૂલ મંત્રી કૌશિક પટેલે જણાવ્યું હતું. તે અન્વયે તાત્કાલીક અસરથી ૧૮ નગરપાલિકા વિસ્તારો (૧) અમરેલી (૨) ભૂજ (૩) કલોલ (૪) વેરાવળ (૫) ગોધરા (૬) પાટણ (૭) પોરબંદર (૮) પાલનપુર (૯) ડીસા (૧૦) ભરૂચ (૧૧) બોટાદ (૧૨) મહેસાણા (૧૩) જેતપુર (૧૪) ગોંડલ (૧૫) મોરબી (૧૬) વાપી (૧૭) વલસાડ (૧૮) સુરેન્દ્રનગર મામલતદાર (શહેર)ની અલગ કચેરીઓ ઊભી કરવામાં આવશે. મામલતદાર (શહેર)ની નવી જગ્યાઓ અને કચેરીના નિર્ણયથી શહેરી વિસ્તારોના નાગરીકોને મહેસૂલી સેવાઓ મેળવવામાં વધુ સુગમતા રહેશે. મહેસૂલ મંત્રી પટેલે જણાવ્યું કે, બિનખેતી બાબતે રાજ્ય સરકાર દ્વારા લીધેલા નિર્ણયોને આગળ વધારતા કલેકટર કચેરી કક્ષાએ સત્તાનું વિકેન્દ્રીકરણ કરી બિનખેતી પરવાનગીની સત્તાઓ કલેકટરકક્ષાએ તથા નિવાસી અધિક કલેકટર કક્ષાએ વહેંચવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધેલ છે. જે મુજબ C અને D કક્ષાની નગરપાલિકાઓ, છેલ્લી વસ્તી ગણતરી મુજબ રાજ્યના ૩ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામોમાં અને ૧ એકર સુધીની જમીન મર્યાદામાં બિનખેતી પરવાનગી આપવાની સત્તા નિવાસી અધિક કલેક્ટરને સોંપવામાં આવેલ છે. જ્યારે તે સિવાયના તમામ વિસ્તારો માટે બિનખેતી પરવાનગી આપવાની સત્તા કલેક્ટર હસ્તક રાખવામાં આવેલ છે. મહેસૂલ મંત્રીએ ઉમેર્યું કે, મહેસૂલી પ્રક્રિયાનું ડીઝીટાઈઝેશન થાય તે પ્રક્રિયાને આગળ વધારતા બિનખેતી પરવાનગી મેળવ્યા બાદ સિસ્ટમ જનરેટેડ બિનખેતી પરવાનગી હુકમની સીધી જ નોંધ ઈ-ધરામાં થાય તેવી વ્યવસ્થા ફેબ્રુઆરી ૨૦૧૯થી અમલી બનશે.

વિરોધપક્ષ કોંગ્રેસના નેતાના આક્ષેપોને સરકાર તરફથી ફગાવી દેવાયા

LRDની પરીક્ષામાં બારકોડેડ OMR શીટના કોંગ્રેસના આક્ષેપો તદ્દન ખોટા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૯

તાજેતરમાં લેવાયેલી એલઆરડી લોકરક્ષકની પરીક્ષા મુદ્દે વિપક્ષ કોંગ્રેસ દ્વારા ભાજપ સરકાર ઉપર કરાયેલા આક્ષેપોને ખોટા અને આધાર વિનાના ગણાવી સરકાર તરફથી ફગાવી દેવામાં આવ્યા છે. બારકોડેડ વિનાની ઓએમઆર સીટ વિના પરીક્ષા લેવાઈ હોવા સહિતના આક્ષેપોનો આજે સરકાર દ્વારા છેદ ઉડાડી દેવા સાથે વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવી હતી. ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આ મુદ્દે જણાવ્યું હતું કે, વિપક્ષના નેતા દ્વારા બારકોડેડ વિનાની ઓએમઆર સીટથી લેવાયેલી લોકરક્ષકની પરીક્ષા અંગેના આક્ષેપો ખોટા અને આધારવિનાના છે. આ પરીક્ષા બારકોડેડ ઓએમઆર સીટ દ્વારા જ લેવાઈ હતી. રાજ્ય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં લોકરક્ષકની પરીક્ષા આપતા તમામ ઉમેદવારોને અગાઉથી OMR શીટની તમામ જાણકારી મળી રહે તે હેતુથી નમૂનાના ભાગરૂપે બારકોડેડ વિનાની OMR શીટ વેબસાઈડ ઉપર મૂકવામાં આવી હતી. લોકરક્ષક પરીક્ષા પદ્ધતિમાં ઉત્તરવહી પર પાર્ટ-એમાં ઉમેદવારોનો નંબર, પ્રશ્નપુસ્તિકા ક્રમાંક, પ્રશ્નપુસ્તિકા કોડ, ઉમેદવારની સહી, પ્રયાસ કરેલ પ્રશ્નોની સંખ્યા અને બારકોડ હોય છે. જ્યારે પાર્ટ-બીમાં બારકોડ અને ઉત્તરના એ, બી, સી., ડી. વિકલ્પો હોય છે. પાર્ટ-એ અને પાર્ટ-બીના બારકોડ એક જ ઉત્તરવહીમાં સરખા હોય છે અને તે તમામ ઉત્તરવહીમાં યુનિક એટલે કે, તમામમાં અલગ-અલગ હોય છે. ઉત્તરવહીના મુલ્યાંકનમાં ગુણાંકન પાર્ટ-બીમાંથી સ્કેનીંગ દ્વારા નક્કી થાય છે. જે પાર્ટ-બીમાં ઓળખની કોઈ જ નિશાની જેવી કે, સહી, નંબર, નામ વિગેરે કશુ જ નથી હોતું, એટલે નક્કી થયેલ નામ કે નંબર વાળાનું જ પરિણામ સારૂ લાવી શકાય તેવું શકય જ નથી. આ પદ્ધતિમાં કોઈપણ તબક્કે કોઈપણ વ્યકિત સુધારો કે ફેરફાર, પરિણામમાં કે ડેટામાં કરી શકતો નથી. એ વાત ખરી નથી કે પાર્ટ-એ અને પાર્ટ-બીમાં બારકોડ આપેલ નથી. વળી આ સિસ્ટમ કોઈ નવી નથી. અગાઉની પરીક્ષાઓ પણ આ જ રીતે લેવાયેલ છે.

પરીક્ષામાં ગેરરિતી ન થાય તે હેતુથી ૩૦૦થી વધુ ફલાઈંગ સ્કોર્ડની રચના કરવામાં આવી હતી. રાજયના કુલ-૨૯ શહેરો અને જિલ્લાઓની ૨,૪૪૦ શાળા-કોલેજોના ૨૯,૨૨૦ બ્લોકમાં પરીક્ષા યોજવામાં આવી હતી, આ તમામ બ્લોક CCTV કેમેરાથી સંપૂર્ણ સજજ હતા.

બીઆરટીએસ કોરિડોરના ૪૦૦ ચાર રસ્તા-સર્કલ વાહનચાલકો માટે જોખમી

અમદાવાદ, તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આરટીઓથી વાસણાના ચંદ્રનગર વચ્ચે વર્ષ ૨૦૦૯માં શહેરની સર્વપ્રથમ બીઆરટીએસ બસ સર્વિસ શરૂ કરાઈ હતી. દેશનાં અન્ય શહેરોમાં બીઆરટીએસ સર્વિસને ઓછાવત્તા અંશમાં નિષ્ફળતા સાંપડતાં શાસકો અમદાવાદમાં બીઆરટીએસ સર્વિસને સફળતા મળી હોવાનો દાવો કરીને ફૂલ્યા સમાતા નથી. જો કે, એએમટીએસની લાલ બસની જેમ હવે બીઆરટીએસની વાદળી બસ નાગરિકોના જાનમાલ માટે ઘાતક બની છે. દેશ-વિદેશમાંથી બીઆરટીએસ માટે એક અથવા બીજા પ્રકારના એવોર્ડ લઈને આવનાર સત્તાવાળાઓ બીઆરટીએસ બસના કોરિડોરમાં માતેલા સાંઢની માફક દોડતી બસને ચાર રસ્તા કે સર્કલ પાસે તેની બેફામ ગતિ પર અંકુશ મૂકી શકયા નથી. આમાં માનીતા ઓપરેટરને છાવરવાની નીતિ અપનાવાઈ હોઈ બીઆરટીએસ કોરિડોરના ૪૦૦ ચાર રસ્તા કે સર્કલ વાહનચાલકો માટે જોખમી બન્યા છે. દરમિયાન ઉપરાઉપરી બે જીવલેણ અકસ્માત સર્જનાર બસના ઓપરેટર ચાર્ટર્ડ સ્પીડને રૂા. ૧૦ લાખનો દંડ ફટકારાયો છે.

તંત્ર દ્વારા બીઆરટીએસ સર્વિસમાં રોજની કુલ ૨૫૫ બસ દોડાવાઈ રહી છે, જે પૈકી ૧૯૦ બસ ચાર્ટર્ડ સ્પીડની છે તો અન્ય ૬૫ બસર મારૂતિ ટ્રાવેલ્સની છે. આ બંને ઓપરેટરને કિલોમીટરદીઠ રૂા. ૫૨.૫૦થી રૂા. ૫૮ સુધીનો ભાવ ચૂકવાઈ રહ્યો છે. ખરેખર તો બીઆરટીએસ સત્તાવાળાઓ દ્વારા ઉપરાછાપરી જીવલેણ અકસ્માતો સર્જવા બદલ જવાબદાર પ્રાઈવેટ ઓપરેટરને બ્લેકલિસ્ટ કરવો જોઈએ, પરંતુ તેમ કરાયું નથી. જો કે, શહેરીજનોમાં સ્વયંભૂ ફાટી નીકળેલા રોષથી શાસકો હરકતમાં આવ્યા છે.

મલેશિયામાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં દર વર્ષે વધારો

અમદાવાદ,તા.૯

ભારતમાંથી મલેશિયામાં પ્રવાસે જનારા પ્રવાસીઓની સંખ્યા દર વર્ષે વધી રહી છે. ગત-૨૦૧૭ના વર્ષમાં ભારતમાંથી ૬૫૬૯ પ્રવાસીઓ મલેશિયામાં ગયા હતા. તેની સામે વર્ષ ૨૦૧૮માં ૧૦.૩૭ ટકા વધારા સાથે ૭૨૫૦ ભારતીય પ્રવાસીઓ ગયા હતા. ત્યારે હવે ૨૦૧૯માં ભારતીય પ્રવાસીઓ ૩૦ ટકા વધવાની શક્યતા છે. ત્યારે ભારતમાં મલેશિયાના પેનાંગની વધતી માંગને લઈને પેનાંગ કન્વેન્શલ એન્ડ એક્ઝિબિશન બ્યુરોના ૧૩ પાર્ટનર્સ ડેલિગેશનનું ભારતમાં આગમન થયું છે. તા.૭ જાન્યુઆરી ચેન્નાઈમાં પેનાંગ સેલ્સ મિશનના પ્રારંભ બાદ ડેલિગેશન તા.૧૧ જાન્યુ.એ મુંબઈમાં તા.૧૪ જાન્યુઆરીને નવી દિલ્હીમાં પેનાંગને પ્રમોટ કરશે. એમ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

સંસ્થા સમાચાર

સુલતાન એહમદ મુસ્લિમ યતીમખાનાના બાળકો 'KYU JUNIOR' કરાટેની પરીક્ષામાં સફળ

સુલતાન એહમદ મુસ્લિમ યતીમખાનામાંથી તા.૫/૧/૨૦૧૯ શનિવારના રોજ નવમી KYU JUNIORની પરીક્ષા આપવા ૮ છોકરાઓ અને ૭ છોકરીઓ સાથે સ્ટાફ ગયા હતા. જેમાં બાળકોના કોચ ઈસ્તેખારહુસેન હતા અને નેશનલ કોચ જયદેવ પરમારની ઉપસ્થિતિમાં બધા જ બાળકોએ ટ્રોફી અને બેલ્ટ મેળવ્યો હતો. જેમાં સંસ્થાના કર્મચારી હીના કાદરી અને નુરબાનું બાળકો સાથે ગયા હતા.

શૈક્ષણિક સમાચાર

એફ.ડી. પ્રાયમરી સ્કૂલ જમાલપુરને ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ રૂા.૨૫,૦૦૦નો પુરસ્કાર

અમદાવાદ ખાતે તા.૧૯/૦૯/૨૦૧૮થી ૦૩/૧૧/૨૦૧૮ દરમિયાન વોર્ડ, શહેર અને જિલ્લા કક્ષાનો ખેલ મહાકુંભ ઉજવાયો. જેમાં એફ.ડી.પ્રાયમરી સ્કૂલ જમાલપુર ગુજરાતી માધ્યમની વિદ્યાર્થીનીઓએ એથ્લેટીક્સ, ચેસ, વોલીબોલ, રસ્સાખેંચ અને ખો-ખો જેવી વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. શાળાના ઉત્તમ દેખાવને ધ્યાનમાં રાખી શાળાને પ્રથમ ક્રમાંક મેળવવા બદલ ગુજરાત સરકાર તરફથી રૂા.૨૫,૦૦૦ના ઈનામની જાહેરાત કરી હતી. શાળાના વ્યાયામ શિક્ષિકા શેખ રેશમા બેનના અથાગ પ્રયાસો અને મેહનતની શાળાના આચાર્યા શ્રીમતી રાધનપુરી બેન, ડાયરેક્ટર કાઝીબેને તેમજ શાળાના સ્ટાફ ગણે ખૂબ પ્રશંસા કરી કરી હતી અને વિજેતાઓને બિરદાવ્યા હતા.

બાયજુ'સએ ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૧૫ લાખ વિદ્યાર્થીઓ ઉમેર્યા

અમદાવાદ, તા.૯

ભારતની સૌથી મોટી એજ્યુકેશન કંપની અને દેશની પર્સનલાઈઝ્ડ સ્કૂલ લર્નિંગ એપ બાયજુ'સ અને આજે ગુજરાતમાં 'સ્ટુડન્ટ કનેક્ટ સેન્ટર્સ' લોંચ કરવાની જાહેરાત કરી છે. બાયજુ'સના નિષ્ણાંતોની ટીમ કોઈપણ વિદ્યાર્થીઓના ઘરે તેની વિનંતીથી એપનું ડેમોન્સ્ટ્રેશન કરશે. ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતુ ગુજરાત ભારતમાં બાયજુ'સના ઝડપથી વૃદ્ધિ કરી રહેલા રાજ્યોમાનું એક છે. રસપ્રદ વાત એ છે કે, તાજેતરના મહિનાઓમાં અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા ટોચની કામગીરી કરતા શહેરોની સરખામણીમાં નવસારી, જૂનાગઢ અને જામનગર જેવા નાના જિલ્લાઓમાં એડોપ્શન રેટ ઊંચો રહ્યો છે.